**<u>પાટણના મહે. ચીફ જયુડીશીયલ મેજીસ્ટ્રેટ સાહેબની કોર્ટમાં, મુ.પાટણ.</u>**

**ફોજદારી કેસ નં.૬૮૬–૨૦૨૬**
**આંક–૦૭**

**ફરીયાદી :–** શ્રી સરકાર

**વિરૂધ્ધ**

**આરોપી:–** **હનવરસિંહ જગતસિંહ નવાજી રાજપુત,**
ઉ.વ.૨૯
રહે.કુણઘેર બે વાસ રામજી મંદીર પાસે,
તા,જી.પાટણ.

**ગુનો :–** **ધી ગુજરાત પ્રોહી.એકટની કલમ–૬૬(૧)(બી) તથા એમ.વી.એકટ ૧૮૫,૩, ૧૮૧ મુજબ.**

## –:: ઠરાવ ::–

**(૧)** ફરીયાદપક્ષનો કેસ એવો છે કે, આ કામના આરોપીએ **તા.૨૧/૧૧/૨૦૨૫** ના રોજ પાટણ મુકામે કેફી પીણાનો નશો કરેલ હાલતમાં વાહન ચલાવી પકડાઈ જઈ, ધી ગુજરાત પ્રોહીબીશન એકટની કલમ–૬૬(૧)(બી) તથા એમ.વી.એકટ ૧૮૫,૩,૧૮૧ મુજબનો શિક્ષાને પાત્ર ગુનો કરેલ હોઈ તે અંગેનુ ચાર્જશીટ પોલીસે અત્રેની કોર્ટમાં રજુ કરેલ છે.

**(૨)** આરોપી કોર્ટ સમક્ષ હાજર થતાં આરોપીને પોલીસ તપાસના કાગળોની નકલ વિના મુલ્યે આપ્યા બાદ આરોપી તેઓની સામેનો ગુનો કબુલ કરવા માંગતા હોય તે અંગેની લેખિત કબુલાત પુરસીસ રજુ કરેલ છે, જેથી આરોપીની પ્લી રેકર્ડ કરતા, આરોપીએ સ્વૈચ્છીક રીતે અને રાજીખુશીથી ગુનાની કબુલાત કરેલ છે તેમજ તેઓએ રજુઆત કરેલ છે કે, તેઓ ગરીબ માણસ છે અને તેઓના ઉપર તેમના પરિવારની જવાબદારી રહેલ છે જેથી જો તેમને કાયદામાં જણાવેલ મહત્તમ સજા કરવામાં આવશે તો તેનાથી તેમના પરિવારને અસર થશે. તેમની આ પ્રથમ ભુલ છે તેમજ હવે પછી આવી ભુલ નહી કરવાની ખાત્રી આપી

તેમને ઓછામાં ઓછી સજા કરવા રજૂઆત કરેલ છે. આરોપી ગુનો કબુલ કરવા બંધાયેલ નથી તેમ જણાવવા છતાં અને સમજાવવા છતાં પણ આરોપી સ્વૈચ્છીક રીતે ગુનો કબુલ કરતા હોઈ, કબુલાત પુરસીસ રેકર્ડ ઉપર લેવામાં આવેલ છે.

**(૩)** આરોપી સામે ધી ગુજરાત પ્રોહીબીશન એકટની કલમ–૬૬(૧)(બી) તથા એમ.વી.એકટ ૧૮૫,૩,૧૮૧ મુજબના ગુનાનુ તહોમત છે. તેમજ આરોપીની કબુલાત પુરસીસ વંચાણે લેતાં તેમાં જણાવેલ કારણો તેમજ આરોપીની રજૂઆતો ધ્યાને લેતાં આરોપી ગરીબ વર્ગનો માણસ જણાય છે અને આરોપી ગુનો કર્યાનો અફસોસ વ્યક્ત કરે છે અને ભવિષ્યમાં બીજો ગુનો નહી કરવાની ખાત્રી આપે છે તેમજ આરોપીની રજૂઆત મુજબ તેઓનો આ પ્રથમ ગુનો છે. તે તમામ સંજોગો જોતા આરોપી આર્થિક રીતે નબળી પરિસ્થિતિ ધરાવતો હોવાનુ તથા પોતાના કરેલ ગુના માટે તેને પસ્તાવો થયેલ હોવાનુ જણાઈ આવે છે. જે તમામ સંજોગો ધ્યાને લેતાં તેમજ નામદાર ગુજરાત હાઈકોર્ટના ૨૦૦૫(૧) જી.એલ.આર. ૭૦૯ સ્ટેટ ઓફ ગુજરાત વિરુધ્ધ નટવર હરિચન્દુજી ઠાકોરના કેસમાં પ્રસ્થાપિત કરેલ સિધ્ધાંતો ધ્યાને લઈ એમ.વી.એકટની કલમ–૧૮૫ માં જણાવેલ ન્યુનત્તમ સજા કરતા પણ ઓછી સજા કરવા માટેના વ્યાજબી અને વિશિષ્ટ કારણો જણાઈ આવે છે. જેથી ન્યાયના હિતમાં નીચે મુજબનો આખરી હુકમ ફરમાવુ છુ.

## **–:: હુકમ ::–**

આ કામના આરોપીને **ભારતીય નાગરિક સુરક્ષા સંહીતાની કલમ–૨૭૫** અન્વયે તેમની સામેના ધી ગુજરાત પ્રોહીબીશન એકટની કલમ–૬૬(૧)(બી) તથા એમ.વી.એકટની કલમ–૧૮૫,૩,૧૮૧ મુજબના ગુનામાં તકસીરવાન ઠરાવી **રૂ.૧૫૦૦/– (અંકે રૂપિયા એક હજાર પાન્સો પુરા)** નો દંડ અને જો આરોપી દંડની રકમ ના ભરે તો દિન–૦૩ (ત્રણ) ની સાદી કેદની સજા ભોગવવાનો હુકમ કરવામાં આવે છે.

આ હુકમ આજરોજ, **તા.૧૪મી,** માહે : **માર્ચ,** સને : **૨૦૨૬** ના રોજ સ્પેશ્યલ સીટીંગમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

સ્થળ : પાટણ
તારીખ : ૧૪/૦૩/૨૦૨૬

**(નૌશાદ વી. પઠાણ)**
ચીફ જયુડીશીયલ મેજીસ્ટ્રેટ,
પાટણ
**(GJ–01413)**

( **S.I.PRAJAPATI** )